તલોદના હરસોલ ખાતે વિજય ટંકાર યુવા સંમેલન યોજાયું

હરસોલ માર્કેટયાર્ડ ખાતે હજારોની સંખ્યામાં યુવા ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાનાં તલોદ ના હરસોલ ખાતે યુવા મોરચા દ્વારા માર્કેટયાર્ડ ખાતે વિજય ટંકાર યુવા સંમેલન યોજાયું જેમાં પ્રાંતિજ-તલોદ ના યુવાનો હજારો ની સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં .

તલોદથી હરસોલ માર્કેટયાર્ડ સુધી બાઈક રેલી યોજાઈ હતી અને ત્યાર બાદ માર્કેટયાર્ડ ખાતે યુવા ભાજપ ના પ્રદિપસિંહ વાઘેલા ના અધ્યક્ષ સ્થાને વિજય ટંકાર યુવા સંમેલન યોજાયું હતું જેમાં સાંસદ દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, વિડી ઝાલા, પ્રદિપસિંહ રાઠોડ, બાબુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ સહિત ભાજપ આગેવાનો કાર્યકરો સહિત પ્રાંતિજ-તલોદમાંથી હજારોની સંખ્યા યુવાન કાર્યકરો મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને આવનારી વિધાન સભાની ચુંટણીમાં ઉમેદવાર જે કોઈ આવે પણ કમળ ખીલાવીને ભાજપ ઉમેદવારને વિજયી બનાવવાં સહિતની ચર્ચાઓ યોજાઈ હતી.

નવરાત્રી એટલે શકિતનું પર્વ. નારી પણ શકિત સ્વરૂપ જ છે. બહેનોમાં નવરાત્રીના પર્વનો ઉત્સાહ અને થનગનાટ અનેરો જ હોય છે. પર્વ કે પ્રસંગની ઉજવણી પારંપરીક રીતે ઉજવવાનો આનંદ અનોખો હોય છે. માહિતી નિયામકશ્રીની કચેરીમાં કાર્યરત બહેનોએ પણ નવરાત્રીના પ્રથમ દિવસની આગવી રીતે ઉજવણી કરી હતી. ગુજરાતની હસ્તકલાની ઓળખ સમાન 'બાંધણી' એ નારીનું મનગમતું પરિધાન છે. રંગબેરંગી બાંધણીથી સજ્જ બહેનોએ પહેલા નોરતાને વધાવ્યું હતું. ગુજરાતની ઓળખ સમો 'ગરબો' અને હસ્તકલાની ઓળખ 'બાંધણી' દ્વારા ગુજરાતની અસ્મિતાને ચરિતાર્થ કરી હતી. પ્રસ્તુત છે એક ઝલક...

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓની બજાજ ફાયનાન્સમાં એક માસની ઈન્ટર્નશીપ

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)નાં વિદ્યાર્થીઓનું બજાજ ફિનસર્વિસ પ્રા.લીમાં ૩૦ દિવસ માટે "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" થયું છે. આ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને ફાઈનાન્સનાં સિદ્ધાંતોનું વાસ્તવિક અમલીકરણ કેવી રીતે કરવામાં આવે છે. તે શીખવા મળશે. બજાજ ફાયનાન્સીયલ સર્વિસ પ્રા.લી એ નોન બેન્કિંગ ફાયનાન્સ કોર્પોરેશન છે. જેણે ગ્રાહકો ને લોન માટે ખુબ બધા વિકલ્પો બજારમાં મુક્યા છે.

આજે હોમ ઍપ્લાયન્સ, ઓટોમોબાઈલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને ઍસેસરીઝ જેવી ઘણી બધી પ્રૉડક્ટ ખરીદનાર ને ઝીરો ટકા વ્યાજથી લોનધિરાણ કરતી ફાઈનાન્સ ક્ષેત્રની વિશાળ કંપની તરીકે કાર્યરત છે. બજાજ ગ્રુપ કંપનીની સ્થાપના ૧૯૨૬માં થયેલ જેથી કંપની ૯૧ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. હાલ કંપનીનું ટોપ ટેન બિજનેસ હાઉસમાં સ્થાન છે. બજાજ ફાઈનાન્સ લી. ગ્રુપની સ્થાપના કંપની દ્વારા ૧૯૮૭માં કરવામાં આવી હતી. કંપની પર્સનલ લોન, હોમ લોન, પ્રોફેશનલ માટે લોન, ક્રેડીટ કાર્ડ, ગોલ્ડ લોન, ફિક્સ ડીપોઝીટ ઉપર લોન, દ્વિચક્રી વાહન માટે લોન જેવા અનેક ઓપ્શન કંપની દ્વારા ગ્રાહકોને આપવામાં આવે છે. આ કંપનીમાં બીબીએ કૉલેજનાં ૪૨ વિદ્યાર્થીઓ ઈંટેન્શીપ માટે ઈન્ટરવ્યું આપ્યો હતો જેમાંથી ૩૫ની પસંદગી કરવામાં આવી હતી. જેઓની ૩૦ દિવસની સ્ટાઈપેડ સાથે આપવામાં આવશે. અત્રે બજાજ ફિનસર્વિસ પ્રા.લીનાં માર્કેટીંગ તેમજ સેલ્સ અને અન્ય વિભાગનાં અધિકારીઓ હરી ગુપ્તા, કુમાર સૌરવ- અમદાવાદ એરિયા સેલ્સ હેડ અને સંકેત ગલગટે અમદાવાદ એરિયા સેલ્સ મેનેજર દ્વારા વિદ્યાર્થીઓએ અભ્યાસકાળ દરમ્યાન કેવી સતર્કતા અને ચોક્કસાઈ કેળવવી જોઈએ તે અંગેની આયોજન બદ્ધ તાલીમ આપી હતી.

ચિલોડા સર્કલમાંટ્રક ઘુસી ગઈ

તાલુકાના ચિલોડા સર્કલે સિક્સલેન અને ઓવરબ્રીજ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે વહેલી સવારે ગાંધીનગર તરફથી આવતી રીક્ષાને પાછળથી ટ્રકે ટક્કર મારતાં રીક્ષાચાલક નીચે પટકાતાં ઈજા પહોંચી હતી. આ દરમ્યાન ટ્રકચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં ટ્રક સર્કલમાં ઘુસી જવા પામી હતી. રીક્ષાચાલકને બચાવવા હોમગાર્ડઝ જવાનો આવીને દવાકાને પહોંચાડવામાં મદદ કરી હતી.

વઢવાણ જી.આર.ડી. સભ્યોનું માનદ વેતન વધારો થાય તે અંગે ગૃહમંત્રીને આવેદન

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વઢવાણ યુનિટના ગ્રામ રક્ષક દળના ૨૦૦ થી વધુ જવાનો પગાર વધારાની માંગ સાથે દોડી આવ્યા હતા. આ કર્મચારીઓએ ગૃહમંત્રીને આવેદન પત્ર પાઠવી પોતાની પડતર માંગણીઓ તેમજ પગાર વધારાનો સત્વરે નિકાલ આવે તે માટે રજુઆત કરી છે.

હાલમાં આ કારમી મોંઘવારીમાં કર્મચારીઓને માત્ર રૂ.૧૩૦ માનદ વેતન ચુકવવામાં આવે છે. જે ખુબ જ ઓછુ કહેવાય તેમજ અમારી સાથે અન્યાય થઈ રહ્યો છે.આ રીતે અમારુ શોષણ થાય છે જયારે હોમગાર્ડ જવાનોને રૂ.૩૦૪ ચુકવવામાં આવેછે. હોમગાર્ડ કરતા જી.આર.ડી.ની નોકરી ગામડાથી દુર હોય છે. જયારે મેળા તેમજ ચુંટણી બંદોબસ્ત હોય ત્યારે લગભગ ૧૦૦ કિ.મી. દુર હોય છે. જેને પગલે સમાન કામ સમાન વેતન ધારા ધોરણ મુજબ જીઆરડી કર્મચારીઓને પણ સરકાર દ્વારા વેતનમાં વધારો કરવામાં આવે. જીઆરડી જવાનોને હોમગાર્ડના જવાનો કરતા ખુબ જ ઓછુ વેતન ઘણા વર્ષોથી આપવામાં આવે છે. જીઆરડીના જવાનો નોકરી દરમિયાન મેળા, ધાર્મિક બંદોબસ્ત, તમામ ચુંટણીઓનો બંદોબસ્ત, એસએસસી તેમજ એચએચસીની પરિક્ષા બંદોબસ્તમાં ફરજ બજાવે છે.

સિદ્ધપુરમાં દલિત સેનાની દલિત પંચાયત યોજાઈ

સિદ્ધપુર, તા. ૨૧

સિદ્ધપુરમાં પાટણ જિલ્લા દલિત સેનાની દલિત પંચાયત, બાવનગોળ રોહિત સમાજના વાડીમાં યોજાયેલ હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને પૂ. સંત રોહિદાસ છબીને ફૂલહાર પ્રદેશ પ્રભારી મુકેશ ગુર્જર, પ્રદેશ પ્રમુખ ડી.બી. પરમારે ઉદ્ઘાટન કરેલ હતુ. જિલ્લા પ્રમુખ તુલસીભાઈ સોલંકીએ સ્વાગત કર્યુંહતું. દલિતોના પ્રશ્નો, પાણી ખેડૂતોના પ્રશ્નો, વિવિધ યોજનાઓમાં દલિતોને પડતી મુશ્કેલીઓ, સ્મશાનના પ્રશ્નો વગેરેની ચર્ચા કરી ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે. બાબુભાઈ મેસરવારા, ડાહ્યાભાઈએ આ પ્રશ્નો વિષે રજુઆતો કરવા સુચન કરેલ. જયંતિભાઈ ઉત્સાદ, બળદેવભાઈ પંડ્યાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતા. સંચાલન બાબુભાઈ મેસરવાલાએ કરેલ હતુ. આભારવિધિ દિનેશભાઈ ચૌહાણે કરી હતી.

ભાજપના શાસનમાં વિકાસ ગાંડો જ નહીં બેરોજગાર, લૂંટારૂ અને દુષ્કર્મી : કોંગ્રેસ

ભાજપ સરકારના સત્તા સ્વાર્થમાં વિકાસ દિશા ભૂલી ગયો હોવાથી વિકાસનું નામ લેનાર સામે પણ 'રાજદ્રોહ'નો ગુનો નોંધાય તેવી પરિસ્થિતિ : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતની સંવેદનશીલ પ્રજાને છેલ્લા પાંચ વર્ષથી ગુમરાહ કરી ગોળ ગોળ ફેરવતી ભાજપ સરકારમાં વિકાસ એટલો બધો ઉત્સવ ઘેલો થયો છે કે, ગરીબ કલ્યાણ મેળાથી લઈ નર્મદા મહોત્સવ સહિતનાં મેળાઓ અને ઉજાણી પાછળ અબજો રૂપિયાનું આંધણ થયું છે. જ્યારે માત્ર સત્તા સ્વાર્થમાં દિશા ભૂલી ગયેલા વિકાસ દ્વારા શિક્ષિત મહિલા નેતા આનંદીબેન પટેલને ઘરભેગા કરી નવાં મુકાયેલા રબ્બર સ્ટેમ્પ મુખ્યમંત્રી તો વિકાસનાં નામે એટલાં બેબાકળા બન્યા છે કે, આગામી ચૂંટણી સુધીમાં વિકાસનું નામ લેનાર સામે રાજદ્રોહનો ગુનો લાગુ કરે તેવી પરિસ્થિતિ ભાજપ સરકારમાં સર્જાઈ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ભાજપ સરકારનાં છેલ્લાં પાંચ-દસ વર્ષનાં નિષ્ફળ શાસન ઉપર માર્મિક કટાક્ષ કરતાં જણાવ્યું છે કે, ભાજપ સરકારનો વિકાસ માલ ઓછો અને હવા વધારે હોય તેવાં પડીકાં જેવો છે. જેમાં રોડ-રસ્તા ખાડે ગયાને પ્રજાનાં હાડકાં ભાગી ગયાં છતાં જાપાનનાં વડાપ્રધાનને પણ બતાવ્યું કે, ગુજરાતમાં વિકાસ ગાંડો થયો છે ! નોટબંધી અને જીએસટી પછીની ટેકનિકલ તેમજ આર્થિક મુશ્કેલીઓથી વિકાસનો વેપાર આડેધડ થઈ ગયો છે તો છેલ્લાં ૨૦ વર્ષમાં ૭ વાયબ્રન્ટ યોજવા છતાં આજેપણ વિકાસ બેરોજગાર છે. શિક્ષણ ક્ષેત્રે ખૂલ્લેઆમ વિકાસનો વેપલો કરી શાળા-કોલેજોમાં ફીના વિકાસને બેફામ કર્યો તો આરોગ્ય ક્ષેત્રે ઓક્સિજન લઈ લેતાં વિકાસમાં દવાખાનાઓમાં ચાલતી ઉઘાડી લૂંટથી વિકાસનું સેરોગેટી બાળક પેદા કર્યું છે. જેમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં તો એવી સ્થિતિ છે કે, જો કોઈ દિવસે એક પરિપત્ર પણ ના થાય તો વિકાસ રજા પર ગયો હોવાનું લાગે છે.

પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કૃષિ રથ, સ્વચ્છ ભારત હોય કે ગોકુળીયા ગામથી સ્માર્ટ સિટી પણ વિકાસની ગુણવત્તા સુધરી નથી. ગુજરાતમાં માથાદીઠ કરોડો રૂપિયાના દેવાંનો વિકાસ મુકી જનાર નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા પછી માત્ર અઢી વર્ષમાં ૧૧૦૦ કરોડની જાહેરખબરોથી વિકાસને દરેક ક્ષેત્રે છવાઈ દીધો છે. સખીમંડળથી લઈ નલિયાકાંડ સુધી સ્ત્રી સશક્તિકરણનો રૂપાળો વિકાસ કરનાર દુષ્કર્મી ભાજપ સરકારમાં અકસ્માતો સાથે એકપણ ટ્રેન સમયસર કે પાટા ઉપર નથી છતાં બુલેટ વિકાસ કરવાની વાત છે. જેમાં વિદેશમાંથી કાળું નાણું પાછું લાવી પ્રજાને ૧૫-૧૫ લાખ આપવાના બદલે વડાપ્રધાને ઉડતા વિકાસથી જાપાનનાં પ્રધાનમંત્રી જોડે કરોડો રૂપિયાની લોન લાવી વિકાસને વિદેશી પણ કરી દીધો છે. છેલ્લે રાજ્યસભાની ચૂંટણી પછી રાજ્યનાં વિકાસમાં પરિવર્તન દેખાતાં ભાજપ સરકારમાં ગાંડા થયેલા વિકાસને તોફાની બનાવવા સરકારી તંત્રનો વ્યાપક દુરપયોગ થઈ રહ્યો છે. પરંતુ પ્રજા આ વખતે ગાંડા થયેલા વિકાસને ભૂલશે નહીં.

ડીંગુચા હાઈસ્કૂલના ઉપક્રમે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

કલોલ, તા. ૨૧

જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, ગાંધીનગર આયોજિત ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૭ અંતર્ગત કલોલ તાલુકા (સુન્દરમ શાળા વિકાસ સંકુલ) કક્ષાનો વિજ્ઞાન મેળો તા. ૨૦ અને ૨૧ સપ્ટે.ના રોજ પટેલ એસ.એન. ડેરીવાલા હાઈસ્કૂલ, ડીંગુચા ખાતે યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્ર નિર્માણ માટે ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય પર આધારિત સદર ગણિત-વિજ્ઞાન પ્રદર્શનના ઉદ્ઘાટક તરીકે નિવૃત્તવિજ્ઞાન શિક્ષક જી.કે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ.વી. પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના મદદનીશ કેળવણી નિરીક્ષક ટીલવા, ગામના સરપંચ મથુરજી, પ્રાધ્યાપક સી.સી. પટેલ અને હંસાબેન તેમજ વિવિધ શાળાઓના આચાર્યો, ભૂતપૂર્વ આચાર્યો, ગણિત-વિજ્ઞાન શિક્ષક-માર્ગદર્શક મિત્રો અને બાળ વૈજ્ઞાનિકો એવા ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાસ્થ્ય અને સુખાકારી, સંશાધન વ્યવસ્થાપન અને અન્ન સુરક્ષા, કચરાનું વ્યવસ્થાપન તથા જળસ્રોતોની જાળવણી, પરિવહન અને પ્રત્યાયન, ડિજીટલ અને તકનિકી ઉકેલ તેમજ ગણીતીક નમૂના નિર્માણ જેવા વિવિધ વિષયો પર કલોલ તાલુકાની ૪૨ શાળાની કુલ ૬૭ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. યજમાન શાળા સહિતની અનેક શાળાની કેટલીક કૃતિઓએ અનેરૂ આકર્ષણ ઉભુ કર્યુ હતુ. બાળકો, વાલીઓ અને સમાજમાં ગણિત-વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ કેળવાય, અંધશ્રદ્ધા નિવારણ થાય અને વિજ્ઞાન ગણિત થકી રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય તે ઉદ્દેશથી આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. એમ એક અખબારી યાદીમાં ડીંગુચા હાઈસ્કૂલના આચાર્ય હિતેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ છે.

'યુવારંગત : ૧૭' : ગણપત યુનિ.ના આંગણે દસ હજાર વિદ્યાર્થીઓએ રંગેચંગે ઉજવ્યો ત્રિ-દિવસીય ગરબા મહોત્સવ

ગણપત યુનિવર્સિટીના આંગણે ભારે ઉત્સાહ અને રંગેચંગે ઉજવાઈ રહેલા ગરબા મહોત્સવ 'યુવારંગત: ૨૦૧૭' આજે રાત્રે સમાપન થઈ રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે યોજાતા ત્રિદિવસીય ગરબા મહોત્સવમાં ગણપત યુનિવર્સિટીની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ મા નવદુર્ગાની આરાધના રૂપે નવરાત્રી પર્વની કરે છે. 'નવકાર બીટ્સ'ના ગાયક કલાકારો અને ઢોલીડાઓના તાલે ઝૂમતા વિદ્યાર્થી ભાઈ બહેનો ગણપત યુનિ.ના ઓપન એર થિયેટરના વિશાળ પટાંગણમાં જ્યારે પરંપરાગત ચણિયાચોળી અને ચોરણી-કેડિયામાં ગરબે ઘૂમતા હોય છે વિશ્વના સૌથી મોટા નૃત્યોત્સવની ઉજવણીના ભક્તિમય અને નયનરમ્ય દૃશ્યો સર્જાતા હોય છે. ૧૮થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ઉજવાતા નવરાત્રી ગરબા મહોત્સવ-'યુવારંગત'માં દરરોજ યુનિ.ની ત્રણ-ચાર કોલેજના ૩૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ-ખેલૈયાઓ રાસ-ગરબે રમવાનો આનંદ માણતા હોય છે.

ગ્રેનેડ હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. હુમલાના કારણે ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. હુમલો કરવામાં આવ્યા બાદ ફરાર થયેલા ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ત્રાસવાદીઓ હાલમાં ભારે દહેશતમાં છે. તેઓ હાજરી પુરવાર કરવા માટે હુમલા કરી રહ્યા છે. સુરક્ષા દળોના કાફલા ઉપર હુમલો કરવામાં આવે તે પહેલા જમ્મુ કાશ્મીરના જમ્મુ-શ્રીનગર હાઈવે પર જવાહર ટનેલ પાસે સશસ્ત્ર સીમાબળની ટુકડી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એસએસબીના અધિકારી અને એક જવાન શહીદ થયા હતા. જ્યારે કેટલાક જવાનોને ઈજા થઈ હતી. એસએસબી કેમ્પ પર આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જમ્મુની નજીક બનીહાલ પાસેની કન્સ્ટ્રક્શન કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. માર્ગ નિર્માણની કામગીરી ચાલી રહી હતી ત્યારે સુરક્ષા માટે એસએસબીની બટાલિયન ગોઠવવામાં આવી હતી. કેમ્પ પર અચાનક ગોળીબારમાં કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળોએ મોરચા સંભાળી લીધા હતા. શહીદ થયેલાઓમાં જુનિયર લેવલના ઓફિસરનો સમાવેશ થાય છે.

શરણાર્થી નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાંગ્લાદેશ મુખ્યરીતે પ્રભાવિત થયા છે. ભારતે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આ રોહિંગ્યા શરણાર્થીઓને દેશ નિકાલ કરશે. આને લઈને

વિરોધ પક્ષોએ વાંધાઓ પણ ઉઠાવ્યા છે. દેશભરમાં રોહિંગ્યા સંકટને લઈને નવી ચર્ચા છેડાઈ ગઈ છે. સંયુક્ત રાષ્ટ્ર તરફથી કહેવામાં આવી રહ્યું છે કે, એવા દેશમાં જ્યાં શરણાર્થીઓની જાનને ખતરો છે તે દેશમાં રોહિંગ્યા શરણાર્થીઓને દેશ નિકાલ કરી શકાય નહીં. આને ભારતના વલણથી બિલકુલ વિરુદ્ધ ગણવામાં આવે છે. દરમિયાન ગૃહમંત્રી મહત્વપૂર્ણ નિવેદન જારી કરી દીધું છે. રાજનાથસિંહે કહ્યું છે કે, રોહિંગ્યાઓને ડિપોર્ટ કરીને ભારત કોઈપણ આંતરરાષ્ટ્રીય કાયદા કાનૂનનો ભંગ કરશે નહીં. કારણ કે ભારતે વર્ષ ૧૯૫૧માં યુએન રેફ્યુજી કન્વેન્શન ઉપર હસ્તાક્ષર કર્યા નથી. તેમણે સાફ શબ્દોમાં કહ્યું છે કે, નોનરિફોમેન્ટ માટેના સિદ્ધાંતો તેમના ઉપર લાગૂ થતા નથી. આ સિદ્ધાંત એવા લોકો ઉપર લાગૂ થાય છે જે લોકો ભારતમાં શરણ લઈ ચુક્યા છે. ગૃહમંત્રીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, આજ સુધી કોઈપણ રોહિંગ્યા મુસ્લિમે શરણ લેવા માટે અરજી કરી નથી. તેમનું કહેવું છે કે, આ સમજી લેવાની જરૂર છે કે, રોહિંગ્યા મુસ્લિમો ગેરકાયદેરીતે દેશમાં રહે તે ખતરનાક બાબત છે. રોહિંગ્યા મુસ્લિમોના ગેરકાયદેરીતે દેશમાં રોકાવવાની બાબત રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મામલો છે. એક દિવસ પહેલા બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું હતું કે, આશરે ૪૨૦૦૦૦ રોહિંગ્યા મુસ્લિમોને મ્યાનમારને સ્વીકારવા જ પડશે. તેઓએ આ સંકટનો સામનો કરવા મ્યાનમાર પર વધારે આંતરરાષ્ટ્રીય દબાણ વધારવાની માંગણી કરી છે. આ અગાઉ કેન્દ્ર સરકારે પણ સોમવારના દિવસે રોહિંગ્યા શરણાર્થીઓના મામલામાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં સરકાર તરફથી સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું હતું કે, ગેરકાયદેરીતે રોહિંગ્યા શરણાર્થી દેશની સુરક્ષા માટે ખતરારુપ છે. એફિડેવિટમાં રોહિંગ્યા શરણાર્થીઓના પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠનો સાથે કનેક્શન હોવાની વાત પણ કબૂલવામાં આવી છે. સરકારે એફિડેવિટમાં એમ પણ કહ્યું હતું કે, ગેરકાયદે રોહિંગ્યા શરણાર્થીઓને દેશમાં રહેવાની મંજુરી આપી શકાય નહીં. ભારત પહેલાથી જ ત્રાસવાદથી ગ્રસ્ત રાષ્ટ્ર છે. વારંવાર ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે.

ગાંધીની અપીલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવે તેવી અમે અપીલ કરીએ છીએ. સોનિયા ગાંધીને વડાપ્રધાનને ખાતરી પણ આપી છે કે, કોંગ્રેસ પાર્ટી આ બિલને પસાર કરવામાં સંપૂર્ણ સહકાર આપશે અને મહિલા સશક્તિકરણની દિશામાં મહત્વપૂર્ણ પગલું રહેશે. તેમણે એમ પણ લખ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીએ જ મહિલાઓ માટે પંચાયતો અને નગરપાલિકામાં અનામતની પ્રક્રિયાને શરૂ કરી હતી. હકીકતમાં કોંગ્રેસ અને તેમના સ્વર્ગસ્થ નેતા રાજીવ ગાંધી હતા જે વ્યક્તિએ બંધારણ સુધારા બિલ મારફતે નગરપાલિકા અને પંચાયતોમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈની પહેલ કરી હતી. વિપક્ષી દળોએ ૧૯૮૯માં નિષ્ફળ કરી દીધું હતું. મોડેથી સંસદના બંને ગૃહોએ ૧૯૯૩માં આને પસાર કર્યું હતું. મહિલા અનામત બિલને લઈને હમેશા અડચણો રહી છે. બિલને દેવગૌડા સરકારે ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૬ના દિવસે સંસદમાં રજૂ કર્યું હતું જેમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. ૨૦૧૦માં આને રાજ્યસભામાં પસાર કરી દેવામાં આવ્યું હતું પરંતુ લોકસભામાં ચર્ચા થઈ શકી ન હતી.

સુર રેલાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં પ્રથમ ગરબા યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહીલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ બાળાઓએ ગરબા રજુ કર્યા હતા. જયારે ૧૦૦૧ દિવડાની માતાજીની આરતી પણ યોજાઈ હતી. નાની બાળાઓ થી લઈ પ્રૌઢ મહીલાઓ પણ ઉત્સાહભેર ગરબે ઘુમી હતી. જયારે સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં દિવડાઓ તેમજ રોશનીના દિવ્ય પ્રકાશ વચ્ચે આરતી બાદ ગરબાનો પ્રારંભ થયો હતો. પ્રથમ નોરતાથી જ ગરબાપ્રેમીઓ ગરબે ધુમવાની મજા માંણી હતી. નગરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ધમાકેદાર ગરબાનો પ્રારંભ થયો હતો. સેકટરોના શેરી ગરબામાં અનોખો પારિવારિક માહોલ જોવા મળ્યો હતો. શ્રધ્ધા ભકિત સાથે ભાવિકોએ દિવ્ય માહોલમાં ભવ્ય ગરબાની રમઝટ માંણી હતી.

પડકારરૂપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો મુજબ કલોલ તાલુકાના ૫૦થી વધુ તો ગાંધીનગરના ૨૦ જેટલા ગામોમાં અને માણસા દહેગામના પણ ૨૦ જેટલા ગામોમાં ગામતળની જગ્યા પર આ દબાણો જણાઈ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ દબાણો ગાંધીનગર અને કલોલ તાલુકામાં જ જણાઈ આવેલ છે આ બન્ને તાલુકાઓમાં દબાણ હટાવવા માટેનું સઘન અભિયાન તંત્ર દ્વારા આગામી દિવસોમાં હાથ ધરાય તેમ મનાઈ રહ્યું છે.

કાર્યશિબિર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્ય શિબિર અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તલાટીઓ જે દૂરના જિલ્લામાંથી આવી રહ્યા છે તેમના માટે આવાસની વ્યવસ્થા પણ કરવાની તૈયારીઓ ચાલી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. રાજ્યના ૩૧ જિલ્લાના તલાટી કમ મંત્રીઓ જેઓની સંખ્યા ૧૦ હજારથી વધુ છે તે આ કાર્યશિબિરમાં ભાગ લેનાર છે.

રાજ્ય સરકારે મહેસુલી અને પંચાયતની તલાટી કેડરને એકબીજા સાથે તાજેતરમાં જ ભેળવી છે તે પણ ઉલ્લેખનીય છે.

વ્યાપક ફરિયાદો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં સેકટરોની શેરીઓમાં નવરાતના પ્રારંભ સાથે ગરબાની રમઝટ જામી છે. સેકટરોમાં આયોજિત શેરી ગરબામાં રંગબેરંગી રોશનીની જગમગાટ વચ્ચે ભાવિકો પારિવારિક માહોલમાં ગરબાની મજા માંણી રહયા છે. ત્યારે કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના લીધે નવરાતના અજવાળા દિવસોમાં પણ અંધારુ વર્તાય છે. સેકટરોમાં લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ હોવાની ફરિયાદો સાથે જન આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે નવરાત જેવા તહેવારમાં પણ નાગરિકોએ છેવાડાના ગામ જેવી દુવિધાઓ વેઠવાનો વારો આવ્યો છે. સેકટરોમાં લાંબા સમયથી બંધ સ્ટ્રીટ લાઈટો હજુ ચાલુ થઈ નથી. જેના લીધે નવરાતના ટાંણે રાતના સમયે મહીલાઓ માટે અવરજવર કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. કેટલાક ઠેકાણે નાગરિકો ફરિયાદ કરીને થાકી ગયા છે. ત્યારે તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી. નવલી નવરાતના પ્રારંભથી જ સ્ટ્રીટ લાઈટના મામલે રહીશોમાં રોષ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા પણ સઘળુ એજન્સીના ભરોસે છોડી દેવાતા સ્ટ્રીટ લાઈટના મામલે કોઈ સર્વે કે અભ્યાસ પણ થતો નથી. જેના પરિણામે સ્થાનિક રહીશો માટે મોટો શિરદર્દ ઉભો થયો છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નહિ ચિંતન કરવાનો સમય છે..!! આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય... આ ઉમેદવાર હોય કે પેલો ઉમેદવાર હોય..!! સૌએ આત્મચિંતનના માધ્યમથી રાષ્ટ્રીય ચિંતન કરવાનો સમય આવી પહોંચ્યો છે. બિરબલવાળી પેલી વાત... દૂધના હોજમાં હું એક લોટો પાણી રેડીશ તો શું ફર્ક પડશે..?! એમાંથી બહાર નીકળી આપણે બધા જ કર્મનિષ્ઠ અને મુલ્યનિષ્ઠ બનીએ તો નવરાત્રીની દિપમાળામાંથી પથરાતો અજવાસ શક્તિમાં પરિવર્તિત થશે..!!"

- નિમિત્ત માત્ર

તન-દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

બરાબર થઈ જાય તો લોહી ટેસ્ટ અથવા પેશાબ ટેસ્ટની જરૂર જણાતી નથી. પણ ઘણી વખતે ડૉક્ટરને પણ નિદાન કરવામાં તકલીફ પડતી હોય છે અને એ વખતે લોહી ટેસ્ટ અને પેશાબ ટેસ્ટ જરૂરી બની જાય છે. ઘણી વખતે લોકો વાતો કરતા હોય છે કે લેબોરેટરી અને ડૉક્ટર અને દવાના મેડીકલ સ્ટોરવાળા ભેગા થઈને દર્દીને ખાલી કરી નાખતા હોય છે. એવું દરેક કિસ્સામાં હોતું નથી અને દરેક કિસ્સામાં નથી હોતું એવું પણ નથી. છતાં પણ બે ખરાબ વાતમાંથી એક ખરાબ વાત તમારે પસંદ કરવાની હોય છે, માટે મને - કમને ડૉક્ટરને બતાવવું પણ પડે, દવા પણ લેવી પડે અને લેબોરેટરીના ટેસ્ટ પણ કરાવવા પડે. પણ ફરી એકવાર કહી દઉં કે નવરાત્રીનું પર્વ એ જ મિત્રોને માફ કરવાનું